IPL ફાઈનલમાં હાર બાદ ગુજરાત ટાઈટન્સની ટીમની બસમાં શોર્ટ સર્કિટ

ખેલાડીઓને વૈકલ્પિક બસ મારફતે હોટેલ પહોંચાડાયા

અમદાવાદઃ IPL 2026ની ફાઈનલ મેચ બાદ ગુજરાત ટાઈટન્સ (GT)ની ટીમ સાથે એક ગંભીર અકસ્માત ઘટતા-ઘટતા ટળી ગયો હતો. ફાઈનલમાં પરાજય બાદ રવિવારે મોડી રાત્રે ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને સ્ટેડિયમથી હોટેલ લઈ જતી ટીમ બસમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં ધૂમાડો ફેલાઈ ગયો હતો. ગઈકાલે રવિવારે રાત્રે IPL 2026ની ફાઈનલ મેચ બાદ ગુજરાત ટાઈટન્સ (GT)ની ટીમ હોટલ પરત ફરી રહી હતી ત્યારે વાયરિંગમાં સર્જાયેલી ખામીને કારણે એન્જિન અને કેબિનના ભાગમાંથી ધૂમાડો નીકળવા લાગ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા સમજી ડ્રાઈવરે તાત્કાલિક બસને રોડ કિનારે ઊભી રાખી હતી. ત્યારબાદ સુરક્ષા કર્મચારીઓ અને ટીમ મેનેજમેન્ટે ઝડપી કાર્યવાહી કરીને તમામ ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને મેડિકલ ટીમના સભ્યોને સુરક્ષિત રીતે બસમાંથી બહાર કાઢ્યા હતા. સદનસીબે ઘટનામાં કોઈ પણ ખેલાડી કે સ્ટાફ સભ્યને ઈજા પહોંચી નહોતી. થોડા સમય સુધી ટીમના ખેલાડીઓને રસ્તા કિનારે રાહ જોવી પડી હતી, ત્યારબાદ મેનેજમેન્ટ દ્વારા વૈકલ્પિક બસની વ્યવસ્થા કરવામાં આવી હતી અને તમામ સભ્યોને સુરક્ષિત રીતે હોટેલ પહોંચાડવામાં આવ્યા હતા. ગુજરાત ટાઈટન્સ માટે રવિવારનો દિવસ નિરાશાજનક રહ્યો હતો. એક તરફ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) સામે ફાઈનલમાં 5 વિકેટે પરાજય થતાં બીજી વખત IPL ટ્રોફી જીતવાનું સપનું અધૂરું રહ્યું હતું, ત્યારે મેચ બાદ બનેલી આ ઘટનાએ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફની ચિંતા વધારી હતી.

પંજાબ નેશનલ બેંક ...ભરોસે કા પ્રતીક ! punjab national bank ...the name you can BANK upon !

વેસુ શાખા : જી–૧, ટ્રીનીટી ઓરીયન, જોલી રેસીડન્સી બાજુમાં, વેસુ, સુરત–૩૯૫૦૦૨
email: bo221910@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી અલ્પેશભાઈ પ્રાગજીભાઈ તંતી (દિવાદાર/ગીરવેદાર), અને શ્રી રોહીતભાઈ પ્રાગજીભાઈ તંતી (સહ દેવદાર/ગીરવેદાર)** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. આ લોનની ચુકવણી માટે **શ્રી ગૌતમભાઈ મનુભાઈ બરવાલીયા (જામીનદાર)** એ જામીનગીરી આપેલ છે.તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ	સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રી અલ્પેશભાઈ પ્રાગજીભાઈ તંતી (દેવાદાર/ગીરવેદાર)	તમામ હક, હિત અને સંબંધ ધરાવતી મિલકત કે જે 'ધર્માનંદન રેસીડન્સી' તરીકે જાણીતો પ્લોટ નં. ૪૬ માપ ૬૦.૨૮ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા સાથે જમીન રોડ અને સી.ઓ.પી માપ ૨૮.૧૦ ચો.મી રેવન્યુ સર્વે નં. ૨૦૦+૨૧૩, બ્લોક નં.૨૪૧ માપ ૧૫૮૧૬ ચો.મી મોજે. દેરોડ, સબ ડિસ્ટ્રીકટ. કામરેજ, જી.સુરત ખાતે શ્રી અલ્પેશભાઈ પ્રાગજીભાઈ તંતી અને શ્રી રોહિતભાઈ પ્રાગજીભાઈ તંતીની માલિકીનુ આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૪૭, પશ્ચિમ તરફ : પ્લોટ નં.૪૫, ઉત્તર તરફ : પ્લોટ નં. ૩૧, દક્ષિણ તરફ : સોસાયટી રોડ આવેલ છે.	૨૨.૦૫.૨૦૨૬	૦૧.૦૫.૨૦૨૬	રૂ. ૧૫,૧૦,૦૯૦.૩૬/– તા :૦૧/૦૫/૨૦૨૬ ના રોજ
૨	શ્રી રોહીતભાઈ પ્રાગજીભાઈ તંતી (સહ દેવદાર/ગીરવેદાર)				
૩	શ્રી ગૌતમભાઈ મનુભાઈ બરવાલીયા (જામીનદાર)				

ઉપરોકત દેવાદાર જે પણ લાગુ હોય ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારોનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૦૨.૦૬.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

સુરત નેશનલ કો-ઓ.બેન્ક લિ.

સહકારેણ સમુન્નતિઃ સ્થાપના તા. ૨૦-૭-૧૯૭૨

મુખ્ય કાર્યાલય : ૩૧૦–એ/બી, કેનોપસ, ત્રીજો માળ, સીટી બેંકની નજીક,ઘોડદોડ રોડ, સુરત–૩૯૫૦૦૭,
ફોન નં. ૨૨૧૩૧૦૧, ૬૭૧૩૦૧૧–૧૨–૧૩ Ref: 02/SARFAESI/SNCB/2026-2027

બેન્કના કબજા હેઠળની મિલકતની હરાજી

સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ- ૨૦૦૨ તથા ધી સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-૨૦૦૨ અન્વયે બેન્કના નીચે દર્શાવેલ બાકીદાર પાસેથી બેન્કના સિક્યોર્ડ લેણાં ઉપરાંત વ્યાજ ખર્ચ વગેરેની વસુલાત માટે બેન્કના પ્રત્યક્ષ કબજા હેઠળની નિમ્નલિખિત મિલકત ''જ્યાં છે, જેમ છે અને જે છે તે સ્થિતિ'' મા વેચાણ સારું તા..૨૬.૦૬.૨૦૨૬ સુધીમાં અધિકૃત અધિકારીને મળે તે રીતે દરખાસ્તો આવકારવામાં આવે છે.

ક્રમ નં.	બાકીદારનું નામ	ગીરો મિલકતનું વર્ણન	કલમ-૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ અને રકમ	રીઝર્વ્ડ કિંમત	ઈ.એમ.ડી ની રકમ
૧.	શ્રી પાર્થ શૈલેશકુમાર પટેલ (બાકીદાર) સ્વ.શૈલેશકુમાર અરવિંદભાઈ પટેલ (સહ-કરજદાર) શ્રીમતી વાસંતીબેન અરવિંદભાઈ પટેલ (વારસદાર) શ્રીમતી જ્યોતિબેન શૈલેશકુમાર પટેલ (વારસદાર) શ્રી પાર્થકુમાર શૈલેશકુમાર પટેલ(વારસદાર) શ્રીમતી જ્યોતિબેન શૈલેશકુમાર પટેલ(સહ-કરજદાર) શ્રીમતી મીતાક્ષી પાર્થ પટેલ (સહ-કરજદાર)	બિલ્ડીંગ વોર્ડ નં.૦૭, નોંધ નં.૮૯૨-બી, ફ્લેટ નં.૧૦૩, પહેલો માળ, ડાયમંડ પાર્ક એપાર્ટમેન્ટ, રામપુરા પોલીસ સ્ટેશન, રામપુરા મેઈન રોડ, સુરત.	તા.૦૮.૦૧.૨૦૨૫ રૂ.૯,૧૧,૧૬૪/-/- + ચઢત વ્યાજ અને ખર્ચા	૧૧,૬૪,૦૦૦/-	૧,૧૬,૪૦૦/-

દરખાસ્ત (ઓફર) ના કવર ઉપર જે તે મિલકતનું વર્ણન દર્શાવવાનું રહેશે. દરખાસ્ત (ઓફર) ની સાથે ઉપર દર્શાવેલ ઈ.એમ.ડી.ની રકમનો સુરત ખાતે ચુકવવાપાત્ર ફ્રઅધિકૃત અધિકારી, સુરત નેશનલ કો-ઓપ બેંક લી., ના નામનો બેંક ડ્રાફ્ટ/ પે-ઓડર બીડેલો હોવો જોઈએ. જો ઓફર સ્વીકારાશે નહી તો ઈ.એમ.ડી.ની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે. આ અંગે મળેલ દરખાસ્તો અધિકૃત અધિકારી દ્વારા સુરત નેશનલ કો-ઓપ બેંક લી., વહીવટી ઓફીસ: ૩૧૦-એ/બી, કેનોપસ ત્રીજો માળ, એક્સીસ બેંક પાસે, ઘોડદોડ રોડ, સુરત ખાતે તા.૨૯.૦૬.૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ખોલવામાં આવશે. તે જ સમયે જાહેર હરાજી / ખુલ્લી બોલી યોજાશે. દરખાસ્તદાર આ સમયે ઉપસ્થિત રહીને પોતાની આપેલ દરખાસ્તમા વધારો કરી શકાશે. આ રીતે સૌથી ઉંચી બોલી બોલનારે, બેંક દ્વારા વેચાણની મંજુરી મળેથી, તુરંત જ બોલીની રકમના ૨૫% રકમ જમા કરાવવાની રહેશે અને બાકીના ૭૫% રકમ ૧૫ દિવસમા જમા કરાવવાની રહેશે. જેમાં નિષ્ફળ નીવડ્યેથી દરખાસ્તદારે અગાઉ જમા કરાવેલી બધી રકમ વગર નોટીસે જપ્ત કરવામાં આવશે.

આ મિલકત ઉપરના ચુકવવાપાત્ર કોઈપણ પ્રકારના, બેન્કની જાણમા હોય કે ન હોય, તેવા હાલના કે ભવિષ્યના વૈધાનિક, સરકારી લ્હેણાં, સેલ્સટેક્ષ, ઇન્કમટેક્ષ, વેટના લ્હેણાં, કોમર્શીયલ ટેક્ષ, જી.એસ.ટી. લ્હેણાં, એકસાઈઝ લ્હેણાં, અર્ધસરકારી, લેબર લ્હેણાં, પ્રોવિડન્ટ ફંડ, ઇલેક્ટ્રિકસીટી લ્હેણાં, તાલુકા/ગ્રામ પંચાયતના લ્હેણાં, મિલકત વેરો, સોસાયટી મેઈન્ટેનન્સ અને અન્ય તમામ દેવા ખરીદનારે ભોગવવાના રહેશે. સદર મિલકતના બોજા અંગે બેંકને કોઈ જાણ કે માહિતી નથી તેવા બોજાના પુરેપુરા લ્હેણાં ચૂકતે કરવાની જવાબદારી ફક્ત ખરીદનારને શિરે રહેશે તથા મિલકત ટ્રાન્સફર કરવાના તમામ ખર્ચ સહિતની કાર્યવાહી ખરીદનારે કરવાની રહેશે તથા તે અંગે થતી સ્ટેમ્પ ડયુટી, વધારાની સ્ટેમ્પ ડયુટી, ટ્રાન્સફર ફી, રજીસ્ટ્રેશન ચાર્જ સહિતનો તમામ ખર્ચ પણ ખરીદનારે ભોગવવાનો રહેશે તથા બેંક, મિલકત ખરીદનારને બેંક પાસે, ઉપલબ્ધ ''જ્યાં છે, જેમ છે અને જે છે તે સ્થિતિ'' ના ધોરણે મિલકતના ટાઈટલ અંગેના ડોક્યુમેન્ટ્સ સુપ્રત કરશે. બેંક ઉપરોક્ત ગીરો મિલકતનું વેચાણ કરવા અંગે કોઈ એજન્ટ / બ્રોકર / દલાલને કામ સોંપેલ નથી.

આ મિલકતનું સ્થળ ઉપર નિરીક્ષણ તા.૧૨.૦૬.૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી ૦૨:૦૦ વાગ્યા સુધીમાં કરી શકાશે. કોઈપણ પૂછપરછ અને / અથવા વેચાણ માટેની અન્ય શરતો સારું નીચે સહી કરનારનો સંપર્ક કરવા વિનંતી છે. કોઈપણ કારણ આપ્યા વિના મળેલ કોઈપણ અને / અગર બધી જ દરખાસ્તો નકારવાના તથા હરાજી મોકૂફ કરવા અંગેના પોતાના અધિકારો અધિકૃત અધિકારી અબાધિત રાખે છે.

સ્થળ : સુરત
તારીખ : ૦૨/૦૬/૨૦૨૬
મિલકતની વધુ માહિતી માટે શ્રી ધીરેન એમ ચોકસી નો સંપર્ક કરશો. મો.ન.૯૮૨૫૪૦૯૧૧૧
અધિકૃત અધિકારી
સુરત નેશનલ કો–ઓપ બેંક લિ. સુરત

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

મોજે : લસકાણા, તા.પુણા, જિ.સુરત

બ્લોક નં.	૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે-આરે	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
૭૦/અ	હે.આરે. ૦-૮૬-૯૪ ચો.મી. પૈકી વણવહેચાયેલ હિસ્સાની ૩૬૨.૨૫ ચો.મી. જમીન	૮.૩૫	૨૭૧૬
૭૦/ક	હે.આરે. ૦-૯૬-૩૧ ચો.મી. પૈકી વણવહેચાયેલ હિસ્સાની ૪૦૧.૨૯ ચો.મી. જમીન	૯.૨૫	૨૭૧૬
૧૨૪/પૈકી ૧	હે.આરે. ૦-૯૬-૩૯ ચો.મી. પૈકી વણવહેચાયેલ હિસ્સાની ૪૦૧.૬૨ ચો.મી. જમીન	૧૦.૬૮	૭૧

સુરત જીલ્લાના પુણા તાલુકાના મોજે ગામ લસકાણા ની ઉપરોક્ત વિગતેની નવી અને અવિભાજ્ય શરતની ખેતીની જમીન **વનીતાબેન હિતેશભાઈ પટેલ, અભિષેક હિતેશભાઈ પટેલ, સગીર ક્રિષ્ના હિતેશભાઈ પટેલ સ.વા. વનીતાબેન હિતેશભાઈ પટેલ** નાઓએ તેમની માલીકીની પ્રત્યક્ષ કબજા ભોગવટાની, નકરજી, નબોજી તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ બોજાઓથી મુક્ત મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.

ઉપરોક્ત વિગતેની મિલકત અંગેના માલીકી ટાઈટલ, રાઈટ્સ, ઇન્ટરેસ્ટ, વેચાણ, કબજા પરત્વે કોઇને કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઈ હક્ક કે ભરણપોષણના હક્ક કે કોઈ લેણું કરજ ગીરો, કબજા હક્કો, સોદા ચિઠ્ઠી, સાટાખત બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઇના કોઇપણ પ્રકારાના હક્ક અધિકાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૭ (સાત)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઇપણ વ્યક્તિને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વાંધો, તકરાર નથી અથવા હોય તો જતો **(WAIVE)** કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી મજકુર મિલકતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હક્ક, દાવા મારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા-વળગતા સર્વએ નોંધ લેવી.

તા. ૦૨-૦૬-૨૦૨૬

ઓફીસ : ૨૬૧, રાજ ઈમ્પેરીયા, વ્રજ ચોક, સરથાણા, સુરત સીટી, સુરત. મો. ૯૭૨૬૦–૩૯૫૫૯.
મારી મારફત
અજયકુમાર ડી. કાકડીયા
એડવોકેટ

ટુંકી મુદતની જાહેર નિવિદા વર્ષ-૨૦૨૬ - ૨૦૨૭

તબીબી અધિક્ષકશ્રીની કચેરી,નવી સિવિલ હોસ્પિટલ, મજુરાગેટ, સુરત ખાતે બિન ઉપયોગી લોખંડ, તાંબુ, પિત્તળ, એલ્યુમિનીયમ, લાકડા અને પસ્તી તથા અન્ય ભંગાર ઉપાડવા અંગે ઓનલાઇન ટેન્ડર દ્વારા ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર અંગેની તમામ માહિતી શરતો વગેરે વેબસાઇટ www.nprocure.com પરથી જોવા મળશે ટેન્ડર ફોર્મ ડાઉનલોડ તા.૦૧/૦૬/૨૦૨૬ થી તા.૧૧/૦૬/૨૦૨૬ સુધી છે. ભાવો ઓનલાઇન જ ભરવાનાં રહેશે ત્યારબાદ ફીઝીકલ ડોક્યુમેન્ટ અને ટેન્ડર ફી તથા ઇ.એમ. ડી.ની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ કવરો તા.૧૯/૦૬/૨૦૨૬નાં સાંજે ૬:૦૦ કલાક સુધી અત્રેની કચેરીમાં મળી જાય તે રીતે માત્ર સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાનાં રહેશે. સમય મર્યાદા બહારનાં ટેન્ડર રદ્ ગણવામાં આવશે.

તબીબી અધિક્ષક
નવી સિવિલ હોસ્પિટલ
સુરત
ક્રમાંકઃમાહિતી-સુરત/૨૦૭/૨૦૨૬

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ઓલપાડના **મોજે : કીમ-કડોદરાની** સીમમાં આવેલ રહેણાંક હેતુ બીનખેતીની થયેલ જમીનના **બ્લોક નં. ૨૧૪-૨૧૬ (મોજે : કીમ, તા. ઓલપાડના નવા બ્લોક નં. ૧૭૮)** વાળી **હરીહરનગર**ના નામે ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર : સી-૧૯૩ થી સી-૧૯૫ તથા સી-૨૦૭ થી સી-૨૧૦** વાળા કુલ સાત ખુલ્લા પ્લોટો સીટી સર્વે કચેરી કીમ-કડોદરાની કચેરીમાં **સીટી સર્વે નં. ૪૧૯૭ પૈકી, શીટ નંબર : ૧૭** વાળી ખુલ્લા પ્લોટવાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ ૧૪ ફૂટ × ૫૦ ફૂટ યાને ૭૦૦ ચો. ફૂટ યાને ૬૫.૦૫ ચો. મી. લેખે સાતેય પ્લોટનું **કુલ ક્ષેત્રફળ ૪૫૫.૩૫ ચો. મી.** વાળી ખુલ્લા પ્લોટવાળી મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત **સ્વ. મદનકુમાર બાબુભાઈ વાળંદ**ના માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ છે તે મિલકત અમારા અસીલ નામે ચાલી આવેલ છે આથી સદરહુ મિલકત અંગે કોઈ વ્યકિત, સંસ્થા કે બેંકનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લીયન વિગેરે આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત દિવસ-૧૫ માં અમારા નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, હિત, લાગભાગ કે દરદાવો નથી અને જો આવેલ હોય તો તે સ્વેચ્છાએ જતો યાને વેવ કરેલ છે તેમ માની આ નોટીસની મુદત વિત્યે અમારા અસીલ સદરહુ મિલકતનો વેચાણ કરી-કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

સરનામું : પહેલો માળ, કેશવ કુંજ, ખારવા ભવન, નાનપુરા, સુરત. મો. નં. ૯૯૦૯૨-૪૩૫૫૬
અસીલની સુચના અનુસાર
હિતેશ પી. પટેલ (એડવોકેટ અને નોટરી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, જીલ્લો **સુરત,** તાલુકો **બારડોલી**ના મોજે ગામ **ઉમરાખ** ના **રે.સ.નં : ૩૭૩, બ્લોક નંબર : ૪૦૦ થી** નોંધાયેલ જુની શરતની જમીન **જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.૨-૮૬-૩૧ ચો.મી. જેનો આકાર રૂ. ૨૫.૩૧, છે. તથા જેનો ખાતા નંબર : ૫૨૮** વાળી ખેતીની જમીનના માલિક **પ્રવિણભાઈ ઠાકોરભાઈ પટેલ**ની સ્વતંત્ર માલિકી, કબજા,ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. જે ખેતીની જમીન અમોના અસીલ ખરીદ કરવા માંગતા હોય અને ઉપરોક્ત જમીન માલિક **પ્રવિણભાઈ ઠાકોરભાઈ** પટેલ અમોના અસીલને વેચાણ કરવા માંગે છે. જેથી સદર ખેતીની જમીનમાં કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, હકક, હીત, કબજો, સાટો, ભોગવટો, સંબંધ કે દાવો, લીયન બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિન-૭** માં લેખીત પુરાવાઓ લઈ અમારા અસીલ તર્ફે અમોને મળવુ. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની જમીન માલીક યાને **પ્રવિણભાઈ ઠાકોરભાઈ પટેલ**ને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલના નામે કરી કરાવી લેવામા આવશે. ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો વિરોધ, દાવા-દુવી ચાલશે નહી, જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

ઓફીસ :- ૪૦૫, રાઈઝ ઓન પ્લાઝા, સરથાણા જકાતનાકા, સુરત. મો.નં. ૯૮૨૪૩-૬૬૯૧૬
ભરત પી. ડોબરીયા
તે ખરીદનારના એડવોકેટ

રાજપીપલા નગરપાલિકા
-: જાહેર નિવિદા :-

આ જાહેર નિવિદા રાજપીપલા નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલ્કતોની ક્ષેત્રફળ આધારીત આકારણીનો અમલ ચાલુમાં છે. હાલમાં જે મિલ્કતોના બાંધકામમાં ફેરફાર થયેલ હોય નવેસર બાંધકામ થયેલ હોય ભોગવટામાં ફેરફાર થયેલ હોય તેવી તમામ મિલ્કતોની સ્થળ ચકાસણી કરી નવેસરથી માપો લઈ હાલમાં ઇન્સ્ટોલ કરેલ ફોર્મમાં સુધારા વધારો કરી અઘતન આકારણી પત્રકો તેયાર કરાવવાની જરૂરીયાત છે. તો આ પ્રકારની કામગીરી કરતાં ઈસમો/એજન્સીઓએ મિલ્કતના નંબર દીઠ રહેણાંક/બિન રહેણાંક /ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ/ખુલ્લા પ્લોટ ના ભાવો આ પ્રસિધ્ધ થયેથી દીન-૩ માં અત્રે મોકલી આપવાના રહેશે. આ કામે બાનાની રકમ રૂા.૨૫૦૦૦/- પુરા રોકડા/ડીમાન્ડ ડ્રાફ્ટ ચીફ ઓફીસર રાજપીપલા નગરપાલિકાના નામનો રજુ કરવાનો રહેશે. ભાવ પત્રક ઉપર ક્ષેત્રફળ આધારીત આકારણીના પ્રતિ મિલકતના નંબર દીઠ ભાવો લખવાનું રહેશે. ભાવો મંજુર/ નામંજુર કરવાની સત્તા રાજપીપલા નગરપાલિકાની અબાધિત રહેશે.

(જયકિશન તડવી) મુખ્ય અધિકારી રાજપીપલા નગરપાલિકા
(શિવાનીબેન મહેતા) પ્રમુખ રાજપીપલા નગરપાલિકા
માહિતી/નર્મદા/૭૫/૨૦૨૬-૨૭

પશ્ચિમ રેલવે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ - મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ ડિવિઝનમાં વિવિધ NFR મીડિયા દ્વારા જાહેરાતોનું પ્રદર્શન.

હરાજી કેટલોગ નં.	હરાજીની શરૂઆત (તમામ લોટ)
MMCT-PnU-26-4	17-06-26ના રોજ 14:00 કલાકે.

ક્રમ નં.	લોટ નં.	લોકેશન / વિસ્તાર	દિવસો	ઈ-હરાજી બંધ થવાની તારીખ અને સમય
1	PnU-BCT-VAPI-WRL-85-26-2 (પે એન્ડ યુઝ - લાઉન્જ/ વેઇટિંગ/ રિટાયરિંગ/ કલોક રૂમ)	વાપી સ્ટેશન પર રિટાયરિંગ રૂમ / ડોર્મિટરીઝના નવીનીકરણ ઓપરેશન અને જાળવણી માટેની ઈ-હરાજી	1826	17.06.26ના રોજ 14:30 કલાકે.

સંપર્ક વિગતોઃ- લેન્ડલાઈન નં.:- 02267644212, ઈમેલ આઈડીઃ- acmadvtgbct@gmail.com.
નોંધઃ સંભવિત બિડર્સને વિનંતી છે કે તેઓ IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લીઝિંગ મોડ્યુલની મુલાકાત લે. લોટ મુજબની વિગતો ત્યાં ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. 0186
અમને લાઈક કરો: facebook.com/WesternRly અમને ફોલો કરો: X.com/WesternRly

મોજે અંજલાવ, બ્લોક નં. ૯૬૫ પૈકી૧, રે. સ નં. ૭૬૫ ૭૬૫ પૈકી ૧, વાળી જમીન ની વેચાણ અંગેની જાહેર નોટીસ

ડી. વલસાડ, તા. વલસાડ, **મોજે અંજલાવ** ના જૂનો રે.સ.નં. ૨૮૩, ૨૮૬/૧, ૨૮૬/૨, ૨૮૭, ૨૮૮, ૨૮૯/૧, ૨૮૯/૨ તથા ૨૮૯/૧+૨, એકત્રીકરણ બાદ રે.સ.નં. ૭૬૫પૈકી૧, નવો બ્લોક નં.૯૬૫પૈકી૧ જેનું ક્ષેત્રફળ ૨૪૫૦૩ ચો.મી. **સીટી સર્વે નં. NA૭૬૫પૈકી૧/૧, NA૭૬૫પૈકી૧/૨, NA૭૬૫પૈકી૧/૩ તથા NA૭૬૫પૈકી૧/૪** જેનું કુલ્લે ક્ષેત્રફળ ૨૪૫૦૩ ચો.મી. વાળી બિનખેતીની જમીનના માલિક **મે. રૂદ્ર ફુડસ ના પ્રોપ્રાયટર તરીકે જૈનુલકુમાર કિર્તીકુમાર દેસાઈ,** રહેઃ અલૌકિક, બી રોડ, પાલિહિલ નં. ૩, તિથલ રોડ, વલસાડ નાએ સદરહુ જમીન પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદર જમીન અંગે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક-હીસ્સો, દર-દાવો, લાગ-ભાગ યા અન્ય પ્રકારના કોઈપણ જાતના હક્ક અધિકાર સમાયેલ હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં તે અંગેના લેખીત પુરાવાઓ સહીત અમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદત દરમ્યાન કોઈનાં કોઈપણ પ્રકારના વાંધા વિરોધ નોંધાવવામાં નહી આવે તો મજકુર મિલકત અંગે કોઈના કોઈપણ પ્રકારના હક્કો રહેલ નથી અને હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદર જમીનનો કાયદેસરનો સંપુર્ણ વેચાણ અવેજ ચુકતે કરી તેનો વેચાણ દસ્તાવેજ/લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) TF-29, ત્રીજા માળ, ઈ–સ્પેસ બિલ્ડીંગ, શ્રી શ્યામ મંદિરની પાસે, VIP રોડ, વેસુ, સુરત ફોન નં. ૯૮૨૫૧ ૩૭૨૫૭
રાકેશ એ. વાઘવાની
તે ખરીદનારાના એડવોકેટ

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ–ડીસ્ટ્રીકટ શહેર સુરતના સલાબતપુરા, રીંગરોડના લત્તામાં આવેલ સીટી સર્વે દફતરે વોર્ડ નંબર : ૩ ના નોંધ નંબર : ૨૧૫૭/ક વાળી જમીન પૈકીની જમીન ઉપર આયોજીત **કોહીનુર ટેક્ષટાઈલ માર્કેટ** ના **વિંગ બી ના બીજા માળ** ઉપર આવેલ **દુકાન નં. ૨૨૨૫** વાળી મિલકત તથા શેર નંગ ૫ (નંબર ૧૧૭૬ થી ૧૧૮૦) સાથેની મિલકત સંતોષકુમાર ખેતાન (એચ.યુ.એફ.) ના કર્તા સંતોષકુમાર રીચપાલ ખેતાન એ દસ્તાવેજ તા. ૧૧/૦૭/૨૦૦૩ ના રોજ અનુક્રમ નં. ૪૫૪૨ (ઉધના સબરજીસ્ટ્રાર) થી ખરીદ કરેલ. તેમજ **દુકાન નં. ૨૨૨૬** વાળી મિલકત તથા શેર નંગ ૫ (નંબર ૧૧૮૧ થી ૧૧૮૫) સાથેની મિલકત સંતોષકુમાર ખેતાન (એચ.યુ.એફ.) ના કર્તા સંતોષકુમાર રીચપાલ ખેતાન એ દસ્તાવેજ તા. ૧૧/૦૭/૨૦૦૩ ના રોજ અનુક્રમ નં. ૪૫૪૩ (ઉધના સબરજીસ્ટ્રાર) થી ખરીદ કરેલ, ત્યારબાદ તેઓ પાસેથી મજકુર દુકાનો મનીષ સુખમનચંદ જૈન એ વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ. તેમજ **દુકાન નં. ૨૨૪૬** વાળી મિલકત તથા શેર નંગ ૫ (નંબર ૧૧૯૬ થી ૧૨૦૦) સાથેની મિલકત સંતોષકુમાર ખેતાન (એચ.યુ.એફ.) ના કર્તા સંતોષકુમાર રીચપાલ ખેતાન એ દસ્તાવેજ તા. ૧૧/૦૭/૨૦૦૩ ના રોજ અનુક્રમ નં. ૪૫૪૭ (ઉધના સબ રજીસ્ટ્રાર) થી ખરીદ કરેલ તેમજ **દુકાન નં. ૨૨૪૭** વાળી મિલકત તથા શેર નંગ ૫ (નંબર ૧૨૦૧ થી ૧૨૦૫) સાથેની મિલકત સંતોષકુમાર ખેતાન (એચ.યુ.એફ.) ના કર્તા સંતોષકુમાર રીચપાલ ખેતાન એ દસ્તાવેજ તા. ૧૧/૦૭/૨૦૦૩ ના રોજ અનુક્રમ નં. ૪૫૪૬ (ઉધના સબરજીસ્ટ્રાર) થી ખરીદ કરેલ. તેમજ **દુકાન નં. ૨૨૪૮** વાળી મિલકત તથા શેર નંગ ૫ (નંબર ૧૨૦૬ થી ૧૨૧૦) સાથેની મિલકત સંતોષકુમાર ખેતાન (એચ.યુ.એફ.) ના કર્તા સંતોષકુમાર રીચપાલ ખેતાન એ દસ્તાવેજ તા. ૧૧/૦૭/૨૦૦૩ ના રોજ અનુક્રમ નં. ૪૫૪૫ (ઉધના સબરજીસ્ટ્રાર) થી ખરીદ કરેલ, ત્યારબાદ તેઓ પાસેથી મજકુર દુકાનો સૌરભ સુધીરકુમાર જૈન એ વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ. જે અગાઉની અસલ આર. આર. હાલમાં મળતી ના હોવાથી તેમજ મજકુર દુકાનો અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય હાલની આ નોટીશ આપેલ છે. તેમજ મજકુર મિલકતમાં કોઈ વ્યકિત, સંસ્થા બેંક કે સરકારી કે અર્ધસરકારી કચેરી, સહીત અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો તર-તકરાર હોય તો દિન-૭ માં પુરાવા સહિત જાણ કરવી, મુદત વિત્યે કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતાએ નોંધ લેવી.

તા. ૦૨/૦૬/૨૦૨૬, સુરત
ઓફિસ :૧૯, સીમા રો-હાઉસ, જોગર્સ પાર્કની સામે, ઘોડદોડ રોડ, સુરત. ફોન નં.૯૮૨૫૧-૩૮૯૪૦
અરૂણ એલ. લાહોટી
(એડવોકેટ)

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સ્ટેશન રોડ શાખા : સ્ટેશન રોડ, નવસારી–૩૯૬૪૪૫, ફોન નં. ૦૨૬૧–૨૫૦૩૨૪ મો નં.: ૯૬૮૭૬૮૦૭૬૭
mail : stanav@bankofbaroda.com

પરિશિષ્ટ ૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા,** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૪.૦૭.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી સીકેશભાઈ રણછોડભાઈ ઓડ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૪,૭૭,૪૫૭.૦૦ (અંકે રૂા. ચોવીસ લાખ સીત્તોતેર હજાર ચારસો સત્તાવન પુરા) તા.૧૪.૦૭.૨૦૨૫ ના રોજના (તા.૧૪.૦૭.૨૦૨૫ થી વ્યાજ સહિત) અને તેના ઉપરના વધારાના વ્યાજ** અને ચાર્જીસ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/ગીરવેદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૨૮મી મે ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો/ ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૪,૭૭,૪૫૭.૦૦ (અંકે રૂા. ચોવીસ લાખ સીત્તોતેર હજાર ચારસો સત્તાવન પુરા) તા.૧૪.૦૭.૨૦૨૫ ના રોજના (તા.૧૪.૦૭.૨૦૨૫ થી વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે વિકસીત 'નાના વાડી' ના વિભાજન થયેલ રહેણાંક પ્લોટસ પૈકી પ્લોટ નં. ૩૦–બી, રેવન્યુ સર્વે નં. ૭૦/૧, રેકોર્ડ મુજબ રેવન્યુ બ્લોક નં. ૭૦/૧/૩/૩૦, પ્લોટની જમીન માપ ૯૦.૬૫ ચો.મી ગામ. મહુવા, મહુવા બ્રિજ નજીક, મહુવા બારડોલી રોડ, તા.મહુવા, જી.સુરત ખાતે **શ્રી સીકેશભાઈ રણછોડભાઈ ઓડ** ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** મિલકત નો પ્લોટ નં.૬૮, **પશ્ચિમ તરફ :** સોસાયટી નો આંતરીક રોડ, **ઉત્તર તરફ :** મિલકત નો પ્લોટ નં.૨૯, **દક્ષિણ તરફ :** મિલકત પ્લોટ નં. ૩૧.

તા.૨૮.૦૫.૨૦૨૬ । સ્થળ : નવસારી — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા સ્ટેશન રોડ શાખા

જાહેર હરાજી

આથી ભંગારના વેપારી તથા જૂના વાહનો ખરીદવા રસ ધરાવતા વેપારીઓને જણાવવાનુ કે, ખટોદરા પોલીસ સ્ટેશન ખાતે જી.પી. એક્ટ ૮૨(ક) મુજબ બિન વારસી કબ્જે લીધેલ વાહનો તેમજ એમ.વી. એક્ટ -૨૦૭ મુજબના કબ્જે લીધેલ વાહનોની જાહેર હરાજી તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ સવારના કલાક ૧૦/૦૦ વાગે ખટોદરા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ છે. જેથી રસ ધરાવતા વેપારીઓ કે અરજદારે અરજી દીઠ અલગ-અલગ રૂ/ ૧,૨૦,૦૦૦/- (એક લાખ વીસ હજાર) ડીપોઝીટ ડીમાન્ડ ડ્રાફ્ટ (ડી.ડી.) દ્વારા અત્રેની કચેરીએ તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ કચેરી સમય દરમ્યાન ભરવાની રહેશે ત્યારબાદ જ હરાજીની બોલીમાં ભાગ લઇ શકશે અને હરાજીનો માલ જે સ્થિતીમાં હશે તે જ સ્થિતીમાં સુપ્રત કરવામાં આવશે હરાજી પૂર્ણ થવાથી હરાજીમાં ઉચી બોલી બોલનાર ઇસમોની માંગણી મુજબ સૌથી વધુ બોલી બોલનાર ઇસમ પાસેથી સ્થળ ઉપર ૨૫% રકમ તથા લાગુ પડતા ટેક્ષની રકમ તુરંત જ ભરપાઇ કરવાની રહેશે હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. હરાજીમાં ભાગ લેનાર ઇજારદારોએ (૧) પોતાના પેઢીના GST સર્ટીની પ્રમાણિત નકલ (૨) પાનકાર્ડની પ્રમાણિત નકલ (૩) આધારકાર્ડની પ્રમાણિત નકલ (૪) પોતાના રહેઠાણના લાઇટબીલ સાથે રજુ કરવાના રહેશે જે અંગેની નોંધ લેશો. તા.૦૧/૦૬/૨૦૨૬

(એન.વી.ભરવાડ)
પોલીસ ઇન્સ્પેક્ટર
ખટોદરા પોલીસ સ્ટેશન
સુરત શહેર
ક્રમાંકઃ માહિતી-સૂરત/૨૦૯/૨૦૨૬

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજ, મોજે ગામ : **લાડવીના રે.સ.નં.૩૨/૩, જુનો બ્લોક નં.૫૮, રી-સર્વે બાદ નવો બ્લોક નં.૧૪૮ થી** નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન, કે જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ **હે.આરે. ૧-૫૨-૬૪ ચો.મી.** છે અને આકાર રૂા.૧૪.૨૪ પૈસા છે. સદરહુ જમીન (૧) નરેશભાઈ રંગીલભાઈ (૨) નટવરભાઈ રંગીલભાઈ (૩) ઉષાબેન નરેશભાઈ પટેલ (૪) હાર્દિકભાઈ નરેશભાઈ પટેલનાઓની સંયુકત માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ, ભોગવટાની, નકરજી, નબોજી તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવીને સદરહુ જમીન પૈકી **ઉતર દિશા તરફની હે.આરે. ૦-૭૬-૩૨ ચો.મી.** જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન માલીકી બાબતે કે તેના હિસ્સા ઉપર જો કોઇ વ્યકિત, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઇપણ પ્રકારનો પ્રત્યક્ષ, પરોક્ષ કે અન્ય કોઈપણ પ્રકારે વાંધો-વિરોધ, અવરોધ, અટકાયત, તર-તકરાર, લાગ-ભાગ, વેચાણ, સાટો, ગીરો, બક્ષીસ, વારસાઈ, કબજા-ભોગવટા, ઇઝમેન્ટ, લીયન, લેણા, બોજો, અલાખો, હકક, હીત, હીસ્સો, અધિકાર, સંબંધ કે દર દાવો ચાલી આવેલ હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે બદલના કાયદેસરના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખીત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો, મજકુર જમીન ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહીં અને હોય તો તે વેવ/જતો કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદરહુ જમીન વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પુર્ણ કરી/કરાવીને, સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, મુદત વિત્યે કોઈની કોઇપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ કરવા/કરાવવામાં આવશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે જેની છેવટની નોંધ લેશો.

તારીખ : ૦૧/૦૬/૨૦૨૬
ઓફીસ : નાકરાણી & સોનાણી કું. ૬૦૩, પ્રમુખ ડોકટર હાઉસ, આઈમાતા ચોક, હ્યુંડાઈ શો-રૂમની બાજુમાં, સુરત કડોદરા રોડ, પરવત પાટીયા, સુરત. ફોન નં. : ૯૯૨૫૪ ૨૦૫૯૫
મહેન્દ્ર એમ. નાકરાણી
એડવોકેટ

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

આશાનગર શાખા : જશ આર્કેડ, ક્રિષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી –૩૯૬૪૪૫, ફોન નં. +૯૧ ૦૨૬૩૭ ૬૩૫૨૫૫૩૪૭૧
email : vjnavs@bankofbaroda.com

પરિશિષ્ટ ૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા,** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ (રૂલ ૮) સાથે વંચાણે લઈ **તા.૨૩.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો **શ્રી પ્રીતેશભાઈ અશોકભાઈ સુહાધીયા, જામીનદાર શ્રી યોગેશ બચુભાઈ સુહાગીયા, અને જામીનદાર/ગીરવેદાર શ્રી યોગેશ બચુભાઈ સુહાગીયા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૩,૪૬,૬૨૩.૩૫ (અંકે રૂા. ત્રેવીસ લાખ છેતાલીસ હજાર છસો ત્રેવીસ અને પાત્રીસ પૈસા પુરા) તા.૨૩.૦૩.૨૦૨૬ ના રોજના (તા.૨૨.૦૩.૨૦૨૬ થી વ્યાજ સહિત)** અને તેના ઉપરના વધારાના વ્યાજ અને ચાર્જીસ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ જામીનદારો /ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/જામીનદારો /ગીરવેદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૨૯મી મે ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/ જામીનદારો /ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૩,૪૬,૬૨૩.૩૫ (અંકે રૂા. ત્રેવીસ લાખ છેતાલીસ હજાર છસો ત્રેવીસ અને પાત્રીસ પૈસા પુરા) તા.૨૩.૦૩.૨૦૨૬ ના રોજના (તા.૨૨.૦૩.૨૦૨૬ થી વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે નવસારી ખાતે રેવન્યુ સર્વે નં. ૫૯૮/૧–૨, નવસારી સીટી સર્વે ટીકા નં.૬, સીટી સર્વે નં.૧૫૩૧ પૈકી ' સી ટેન્ચોર' ના બિન–ખેતી નો પ્લોટ નં. ૧૧૩ માપ ૬૫૦.૦૦ ચો.ફુટ એટલે ૬૦.૫૦ ચો.મી તેના ઉપર ના બાંધકામ નવસારી મ્યુનીશીપલ (જલાલપોર કલમ) વોર્ડ નં. ૧૯, ઘર નં. ૩૭૬૩/૦ અને ૩૭૬૪/૦, અમૃતનગર, જલાલપોર, તા. જલાલપોર, જી.નવસારી ખાતે શ્રી બચુભાઈ મનજીનભાઈ સુહાગીયા ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પ્લોટ નં. ૧૧૪, **પશ્ચિમ તરફ :** પ્લોટ નં. ૧૧૨, **ઉત્તર તરફ :** પ્લોટ નં. ૧૦૮, **દક્ષિણ તરફ :** રોડ.

તા.૨૯.૦૫.૨૦૨૬ । સ્થળ : નવસારી — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા આશા નગર શાખા

ઋણ વસૂલી અધિકરણ–II

(નાણાં મંત્રાલય, ભારત સરકાર)
ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, ૧૮ ગાંધી કુંજ સોસાયટી, દિપક પેટ્રોલ પંપ સામે, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬.
આઉટવર્ડ નં.૧૧૧૪/૨૦૨૬

ઓ.એ. ૬૪૫/૨૦૨૫ — **પેપર પબ્લીકેશન દ્વારા નોટીસ** — ઈએકસબી નં.એ/૦૭

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા .... અરજી કરનાર
વિરૂદ્ધ
શ્રી ધમેશભાઈ વિનુભાઈ અવૈયા અને અન્યો — પ્રતિવાદી

પ્રતિ,
(૧) શ્રી ધમેશભાઈ વિનુભાઈ અવૈયા
(૨) શ્રી સંજય વિનુભાઈ અવૈયા

પ્રતીવાદી ૧ અને ૨ નું સરનામું : એ–૮૦૧, સુકન શ્રી, ડભોલી, કતારગામ, જહાંગીરપુરા નજીક, ડભોલી બ્રિજ, સુરત, ગુજરાત–૩૯૫૦૦૪.

આથી ઉપરના નામવાળા અરજદારે ઉપર જણાવેલ અરજી ટ્રીબ્યુનલમાં ફાઈલ કરેલ છે.

૧. આથી, સમન્સ / નોટીસની બજવણી સામાન્ય પદ્ધતિથી થઈ શકેલ નથી અને તેથી અરજદારને બજવણીની અવેજી પદ્ધતિ માટે આ ટ્રિબ્યુનલે અનુમતિ આપેલ છે.
૨. મુળ અરજી હેઠળ વચગાળાની રાહતને પ્રતિવાદીઓ સામે અરજદાર બેંકની તરફેણમાં કેમ મંજુરી ન આપવી જોઈએ તે માટે પ્રતિવાદીને કારણ બતાવવા નિર્દેશ આપવામાં આવે છે.
૩. આપને આ ટ્રિબ્યુનલ સમક્ષ રૂબરૂમાં અથવા વકીલ મારફત **તા.૧૧/૦૬/૨૦૨૬** ના રોજ **સવારે ૧૦.૩૦** કલાકે હાજર રહેવા / લેખિત સ્ટેટમેન્ટ રજુ કરવા અને વિનંતી કરેલ રાહતો કેમ ગ્રાહ્ય ન કરવી તેના કારણો આપવા નિર્દિષ્ટ કરવામાં આવે છે.
૪. નોંધ લેશો કે કસુર થયેથી અરાજદારને સાંભળી આપની ગેરહાજરીમાં નિર્ણય કરાશે.

આજ તા.૧૯મી મે, ૨૦૨૬ ના રોજ મારી સહી અને પંચના સિક્કા સાથે આપવામાં આવ્યું.

તૈયાર કરનાર એમ — ચકાસણી કરનાર — (પંચનો સિક્કો) — સેક્શન અધિકારી

જાહેર નોટીસ

આથી વાહન માલીકો/વીમા કંપની, ફાઇનાન્સ કંપની વિગેરે નાઓને જણાવવાનુ કે, અત્રેના પાંડેસરા પોલીસ સ્ટેશન સુરત શહેર ખાતે M.V Act-૨૦૭, જી.પી.એક્ટ.૮૨(ક), સી.આર.પી.સી. ૪૧(૧)ડી, ૧૦૨ મુજબથી નિચે મુજબના વાહનો કબ્જે/ડીટેન કરવામાં આવેલ, તેમજ હાલમાં ચાલી રહેલ વાહન નિકાલ ઝુંબેશ અન્વયે સદરહુ વાહન માલીકોને વાહન છોડાવવા તજવીજ કરવા અવાર-નવાર જાણ કરવામાં આવેલ હોવા છતાં તેઓ તરફથી વાહન છોડાવવાની આજદિન સુધી કોઇ તજવીજ કરવામાં આવેલ નથી, જેથી, સદરહુ જાહેર નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં જે તે વાહન માલીકે/વિમા કંપની/ફાઇનાન્સ કંપની નાઓએ પોતાની માલીકીનુ વાહન છોડાવવા સારૂ અત્રેના પાંડેસરા પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક કરી તજવીજ કરવા જણાવવામાં આવે છે નહીતર સદરહુ વાહન છોડાવવા માંગતા નથી તેવુ માની લઇ કાયદાકીય નિયમોનુસાર વાહનોની હરાજી કરી, હરાજીમાં ઉપજેલ નાણા સરકારશ્રી ખાતે જમા કરાવવામાં આવશે જેની નોંધ લેશો.

નોંધઃ- વાહનોની સંપૂર્ણ વિગતો સુરત શહેર પોલીસ કમિશ્નર કચેરીની વેબસાઇટ :- www.cpsurat.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

(કે.ડી.જાડેજા)
પોલીસ ઇન્સ્પેક્ટર
પાંડેસરા પોલીસ સ્ટેશન
સુરત શહેર
ક્રમાંકઃ માહિતી-સૂરત/૨૦૮/૨૦૨૬

જાહેર નોટીસનો જાહેર જવાબ તથા જાહેર ચેતવણી

ડિસ્ટ્રીકટ સુરત, તાલુકા ઓલપાડ, **મોજે ગામ સાયણ** ના **બ્લોક નં. ૭૨+૭૩/અ+૭૩/બ** થી નોંધાયેલી ૮૫૯૯.૦૦ ચો.મી. વાળી જમીનમાં પાડવામાં આવેલ રહેણાંક પ્લોટ પૈકી પ્લોટ નં.એ/૧, ક્ષેત્રફળ સુમારે ૧૧૭૦.૦૦ ચો.મી. ખુલ્લી જમીન બાબતે અનામી ખરીદનારના એડવોકેટશ્રી અમર વી. પટેલ સાહેબે તા.૨૭/૦૫/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે, જે જાહેર નોટીસ ગેરકાયદેસરની, સત્યથી વેગળી, પાયા વિહોળી તેમજ એકબીજાના મેળાપીપણામાં ગેરકાયદેસરનું ષડયંત્ર રચી પોતાનો મલિન ઈરાદો પાર પાડવા સ્વરૂપની છે. સદરહુ જમીનના માલિક નિઝામુદ્દીન ગુલામ અહમદ માસ્ટરે અમારા અસીલના અગ્રહકકધારી મર્હુમ મહેશભાઈ દોલતભાઈ દેસાઈને વેચાણ આપવાનું નકકી કરી કબજા સહીતનું રજી. વેચાણ સાટાખત લખી આપેલ છે. જે સાટાખતમાં મર્હુમ છત્રસિંહ ગોમાનસિંહ ઠાકોરે પણ સાક્ષી તરીકે સહી કરેલ. સદરહુ જમીનમાં મર્હુમ મહેશભાઈ દોલતભાઈ દેસાઈ તથા તેઓના ભાઈ ભરતભાઈ દોલતભાઈ દેસાઈએ સાથે મળીને પ્લીંન્થ સુધીનું તથા ભોંયતળીયે પીલર સુધીનું આરસીસીનું પાકું બાંધકામ કરાવેલ. આમ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ–૫૩/એ મુજબ સાટાખતનું પાર્ટ પરફોર્મન્સ થઈ ગયેલ છે. સદર હકીકતની જાણ હોવા છતાં નિઝામુદ્દીન ગુલામ અહમદ માસ્ટર, તાહેરા અબ્દુલ સમદ હાસલોદ તથા છત્રસિંહ ગોમાનસિંહ ઠાકોરે સદરહુ જમીન પચાવી પાડવાનું ષડયંત્ર એકબીજાના મેળાપીપણામાં આચરી અમારા અસીલોના ચાલી આવેલ હકક ડુબાડવાના બદઈરાદે સદરહુ જમીનનો બોગસ ફોડ કહેવાતો વેચાણ દસ્તાવેજ તા.૨૫/૧૧/૨૦૦૨ ના રોજ અનુ.નં.૨૩૨૬ થી છત્રસિંહ ગોમાનસિંહ ઠાકોરની તરફેણમાં ઉભો કરેલ. જે દસ્તાવેજ રદબાતલ કરવા વિગેરે માટે અમારા અસીલ/અગ્રહકકધારીએ મહે.ઓલપાડની સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૧૬/૨૦૧૮ (જુનો નં. સ્પે.દિ.મુ.નં.૩૨/૨૦૦૯) નો દાવો કરેલ છે. જે હાલ પેન્ડીંગ છે. આમ મેટર સબજયુડીશ છે. સદર દાવામાં મર્હુમ છત્રસિંહ ગોમાનસિંહ ઠાકોરના વારસદારો વસુબેન છત્રસિંહ ઠાકોર વિગેરેનાઓને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે. આમ સદરહુ જમીન બાબતે લીટીગેશન ઉભા હોવાની હકીકતની જાણ વસુબેન છત્રસિંહ ઠાકોર વિગેરેને હોવા છતાં ચાલુ દાવાએ સદરહુ જમીન સને–૨૦૨૩ ના અરસામાં ગેરકાયદેસર રીતે ષડયંત્ર રચી પ્રિતકુમાર અરવિંદભાઈ પટેલની તરફેણમાં કહેવાતો દસ્તાવેજ ઉભો કરેલ છે. સદર હકીકતની જાણ અમારા અસીલોને આ વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ થઈ ત્યારે થયેલ છે. આથી સદરહુ જમીન અમારા અસીલની સહી સંમતિ વગર વેચાણ, ટ્રાન્સફર તબદીલ થઈ શકતી નથી. તેમ છતાં મજકુર ઈસમોએ એકબીજાના મેળાપીપણામાં સદરહુ જમીન પચાવી પાડવા ગંભીર પ્રકારનું ગુન્હાહિત કાવતરૂં આચરેલ છે. આથી સદરહુ જમીન બાબતે મજકુર ઈસમો સાથે કોઈએ કોઈપણ જાતના વેચાણ વ્યવહાર કરવા કરાવવા નહી, અન્યથા તેવા ગુન્હાહિત કૃત્યમાં સાથ સહકાર આપનારા તમામ ઈસમોએ નાહકના દાવાદુવીના પ્રકરણોમાં સંડોવાવું પડશે. મજકુર ખોટા ગુન્હાહિત કૃત્યમાં સંડોવાયેલ તમામ સામે ફોજદારી તેમજ સીવીલ રાહે કાર્યવાહી કરવાના હકકો અબાધિત રાખી કોઈ સાચા ઈસમો ગુન્હાહિત કાવતરામાં ફસાઈ નહી તેવા શુભ આશયે હાલનો જાહેર જવાબ તથા ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ છે, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૦૨/૦૬/૨૦૨૬
મારી મારફત :
વ.શ્રી અજય એમ. રાજપૂત
એડવોકેટ
ઠેકાણું : બી/૭૦૭–૭૦૮, તિરૂપતિ પ્લાઝા, ફેમિલી કોર્ટની સામે, નાનપુરા, સુરત.

(કલ્પનાબેન તે મહેશભાઈ દોલતભાઈ દેસાઈના વિધવા)
(આનંદકુમાર મહેશભાઈ દેસાઈ)
(જીતકુમાર મહેશભાઈ દેસાઈ)
(પીનલબેન મહેશભાઈ દેસાઈ તે વંદીતભાઈ દરજીના પત્નિ)

પંજાબ નેશનલ બેંક ...ભરોસે કા પ્રતીક ! punjab national bank ...the name you can BANK upon !

પરવત પાટીયા શાખા : દુકાન નં. ૫–૭, દર્શન રેસીડન્સી, કેનલ રોડ, પુણા ગામ ચાર રસ્તા, પરવત પાટીયા, સુરત–૩૯૫૦૧૦ મો નં.: ૯૦૯૬૪૦૯૧૧૬ email: bo222410@pnb.bank.in

પરિશિષ્ટ –૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક,** ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ , ૨૦૦૨ અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૫.૧૧.૨૦૨૫ દેવાદાર/ગીરવેદાર શ્રી ધનેશકુમાર દલપતભાઈ ગામીત અને સહદેવાદાર/સહગીરવેદાર શ્રીમતી પિંકીબેન ધનેશકુમાર ગામીત** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૮,૯૩,૩૯૮.૫૩ (અંકે રૂા. આઠ લાખ ત્રાણું હજાર ત્રણસો અઠાણું અને ત્રેપન પૈસા પુરા) (તા. ૦૯.૧૦.૨૦૨૫** સુધી ના વ્યાજ સહિત) અને વધારાનું વ્યાજ અને ખર્ચાઓ આ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર/સહદેવાદાર/સહગીરવેદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર /ગીરવેદાર/સહદેવાદાર/સહગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **૩૧મી મે સન ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદાર/ગીરવેદાર/સહદેવાદાર/સહગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૯,૨૬,૧૧૫.૫૩ (અંકે રૂા. નવ લાખ છવ્વીસ હજાર એકસો પંદર અને ત્રેપન પૈસા પુરા) તા. ૧૦.૦૫.૨૦૨૬ ના રોજ (તા. ૦૯.૦૫.૨૦૨૬ સુધી ના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ સંપુર્ણ રકમ ની ચુકવણી ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રાધિકા રેસીડન્સી, નો પ્લોટ નં.૨૯૫, પ્લાન મુજબ માપ એરીયા ૪૦.૧૮ ચો.મીટર (પાસ થયેલ પ્લાન મુજબ) અને માપ ૪૦.૧૩ ચો.મીટર(સાઈટ મુજબ) રોડ અને સીઓપીના માપ ૨૯.૫૦ ચો.મીટર વણવહેચાયલ મિલકતના પ્રમાણસર હિસ્સા સહિત જમીન નો બ્લોક નં. ૮૩/એ ગામ. કારેલી, તા.પલસાણા, જી.સુરત ખાતે શ્રી ધનેશકુમાર દલપતભાઈ ગામીત અને શ્રીમતી પિંકીબેન ધનેશકુમાર ગામીત ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ :** પ્લોટ નં.૩૨૩, **પશ્ચિમ તરફ :** સોસાયટીનો રોડ, **ઉત્તર તરફ :** પ્લોટ નં.૨૯૬, **દક્ષિણ તરફ :** પ્લોટ નં.૨૯૪.

તારીખ : ૩૧.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

સુરત મહાનગરપાલિકા
જાહેર નોટીસ
ચેતવણી

FIT INDIA

આગામી ચોમાસાની ઋતુમાં નદીના પુરના પાણી સહેલાઈથી વિયર ઉપરથી વહી શકે તે માટે વિયર ઉપરના રસ્તાની બંને બાજુએ લગાવવામાં આવેલ ચેઈનલીંક ફેન્સીંગ (જાળીની વાડ) તથા જી.આઈ.પાઈપની રેલીંગ ખોલીને દુર કરવામાં આવે છે.

જી.આઈ. પાઈપ રેલીંગ દૂર કરાયા બાદ લાકડાની કામ ચલાઉ આડાશ લગાવવામાં આવનાર છે. જેની મજબુતાઈ પૂરતી હોતી નથી. જેથી ચેઈનલીંક ફેન્સીંગ અને જી.આઈ. પાઈપ રેલીંગ દુર થયા બાદ નાગરિકોએ વિયરના બંને બાજુએ રસ્તાની ધારથી સલામત અંતરે રહેવું અને બાળકોને રસ્તાની ધાર ઉપર જવા દેવા નહી કે લાકડાનાં વાંસ / બાંબુની કામચલાઉ આડાશ ઉપર ચઢવું નહી કે તેના પર વજન રાખી ઉભા રહેવું નહી.

આથી શહેરની જાહેર જનતાને અને ખાસ કરીને વીયર-કમ-કોઝવેનો આવવા, જવા કે ફરવા માટે ઉપયોગ કરતાં નાગરીકોને જણાવવાનું કે, વીયર-કમ-કોઝવે પરથી પસાર થતી વખતે કોઈપણ વાહનો વીયરના રસ્તા પર પાર્ક કરવા નહી અને રસ્તાની ઉપરવાસમાં આવેલ ફુટપાથ ઉપર ચોમાસાની ઋતુમાં બેસવું કે ફરવું નહી અને ખાસ કરીને બાળકોને રમવા માટે છુટા મુકવા નહી. તેમજ ચોમાસામાં ઓવરફ્લો દરમ્યાન વિયર-કમ-કોઝવે અવર જવર માટે બંધ કરેલ હોય ત્યારે બંને છેડે આવેલ ગાર્ડન્સમાંથી ઉતરી કોઝવે પર જઈ નહાવુ / તરવુ / સેલ્ફી ખેંચવી નહી.

વિયર-કમ-કોઝવેના ઉપરવાસનું જળાશય સુરત શહેરના પીવાના પાણી માટેનું છે. જેથી લોકોના ન્હાવા, કપડા ધોવા, વાહનો ધોવા, ઢોરને પાણી પીવડાવવા / નહવડાવા ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમજ અહી પાણીની ઉડાઈ વધુ હોવાથી નદીમાં ઉતરવામાં, તરવામાં કે ન્હાવામાં જાનનું જોખમ રહેલ છે. જેથી નાગરીકોએ સલામતી ધ્યાને રાખીને આ જગ્યાએ ન્હાવુ કે તરવું નહી.

ઉપરોક્ત સુચનાનો ભંગ કરનાર નાગરીક કોઈ અકસ્માતનો ભોગ બનશે તો સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી. જેની સંબધકર્તાઓએ સ્પષ્ટ નોંધ લેવા વિનંતી.

નં.પી.આર.ઓ./૬૦/૨૦૨૬-૨૭
તારીખ : ૦૧/૦૬/૨૦૨૬
કમિશનર
સુરત મહાનગરપાલિકા

મોજે ગભેણીના રે.સર્વે નં.૧૯૬, બ્લોક નં.૧૯૨ ક્ષેત્રફળ ૧-૫૪-૫૯ હે.આરે.ચો.મી. અંગે જાહેર ચેતવણી

સદરહું ઉપરોક્ત જમીન છીમકાભાઇ રવજીભાઇની ચાલી આવેલી અને તેઓ તા.૨૩/૦૮/૧૯૬૬ ના રોજ બિનવસીયતે ગુજરી ગયેલા છે.મર્હુમ છીમકાભાઇ રવજીભાઇની ચાલી આવેલી જમીનમાં તેમના સીધીલીટીના વારસદારો (૧) ધનજીભાઇ છીમકાભાઇ (૨) દેવીબેન છીમકાભાઇ (૩) મંજુલાબેન છીમકાભાઇ (૪) ડાહીબેન છીમકાભાઇ નાઓ સહમાલિક અને સહકબજેદાર ચાલી આવેલા છે.

સદરહું જમીન ધનજીભાઇ છીમકાભાઇ એકલા માલિક છે તેવી ખોટી હકીકતો જાહેર કરી જમીન વેચાણ કરવાની તજવીજ કરી રહેલાની જાણ મર્હુમ મંજુલાબેન તે છીમકાભાઇ રવજીભાઇની દિકરીના વારસદાર વાસંતીબેન ચીમનભાઇને થતા તેઓએ હિસ્સો છુટો પડાવવા માટે મહે. સુરતની સીવીલ કોર્ટમાં રે.દિ.મુ.નં.૪૦૫/૨૦૨૫ થી દાવો દાખલ કરેલો છે અને સદરહું દાવા અંગે ધી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીઝ એકટની કલમ-૫૨ હેઠળ લીઝ પેન્ડન્સીની નોટીસ પણ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવેલ છે.

સદરહું જમીનમાં ધનજીભાઇ છીમકાભાઇનો કાયદા મુજબ ફકત અને ફકત ૧/૪ હિસ્સો યાને ૨૫% હિસ્સો જ ચાલી આવેલ છે બાકીનો ૭૫% હિસ્સો છીમકાભાઇ રવજીભાઇની ત્રણ દિકરીઓ યાને (૧) દેવીબેન છીમકાભાઇ (૨) મંજુલાબેન છીમકાભાઇ (૩) ડાહીબેન છીમકાભાઇ નાઓનો ચાલી આવેલો છે. સદરહું જમીન અંગે આજદિન સુધી વહેંચણ થયેલ નથી કે હિસ્સા છુટા પડેલા નથી અને રેવન્યુ રેકર્ડ પર ખોટી કાર્યવાહીના ભાગરૂપે ૭/૧૨ પર ફકત ધનજીભાઇ છીમકાભાઇનું નામ દાખલ થયેલ હોવાથી પુરેપુરી જમીનના એકલા માલિક છે તેવી ખોટી હકીકતો જાહેર કરી અમારા અસીલની જાણ અને સંમતિ વગર બિન અધિકૃત રીતે બિનખેતી કરાવી જમીન વેચાણ કરવા ફરી રહેલા છે જે તદ્દન ગેરકાયદેસર છે.

સદરહું જમીન અંગે અમારા અસીલ વાસંતીબેન ચીમનભાઇએ રે.દિ.મુ.નં.૪૦૫/૨૦૨૫ થી વહેંચણ માટેનો દાવો નોંધાવેલ છે જે વિચારાધીન છે જેથી સદરહું જમીનના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ નથી જેથી સદરહુ જમીન અંગે કોઇપણ વ્યકિત, પેઢી, બેંક, સંસ્થા કે ખાનગી કચેરીઓએ કોઇપણ વેચાણના લખાણો કરવા નહી તેમજ કોઇપણ નાણાંકીય રકમની આપ-લે કરવી નહી તેમ છતાં તેવા કોઈપણ લખાણો કે વ્યવહારો કરવામાં આવશે તો તે ગેરકાયદેસર ગણાશે અને અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને કહેવાતા ખરીદનાર શુદ્ધબુદ્ધિપુર્વકના ખરીદનાર કહેવાશે નહી અને કોર્ટ પ્રકરણમાં સંડોવવાનો વારો આવશે જેની તમામ જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

વાસંતીબેન ચીમનભાઇ પટેલ તે વસંતભાઇ બાલુભાઇ પટેલની ધણીયાણી (રે.દિ.મુ.નં.૪૦૫/૨૦૨૫ ના દાવાના વાદી)
દેવેન્દ્ર એસ. ટંડેલ
રે.દિ.મુ.નં.૪૦૫/૨૦૨૫ ના દાવાના વાદીના એડવોકેટ
સરનામું ૪-પુનિત ચેમ્બર, ઉધના દરવાજા,રિંગ રોડ, સુરત. મો.નં.૯૮૭૯૩ ૦૩૪૫૦